પરહેજગારી

પ્રકાશ.

ઐશ્વર્યં લોગોના ઉપયોગને માટે.



છાપી પ્રસિદ્ધ કરનાર, — મિસ એમ. ડી. કાઉસ, બી. એ.

૪૭, મઝગામ રોડ, મુંબઈ.

કિંમત—૦-૦-૩

ભાષાંતર કરનાર,

હેનરી જેમ્સ ઠાકુર.

૪૭ મઝગામ રોડ — મુંબઈ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

મિસ. માર્ગ્રેટ ડી. ક્રાઉસ. બી. એ.

૪૭ મઝગામ રોડ — મુંબઈ.

ઇ. સ. ૧૯૧૫.

પ્રત ૧૦૦૦, આવૃત્તિ પહેલી.

કિંમત—૦-૦-૩

ધર્મ વિજય પ્રીન્ટીંગ પ્રેસ, પથ્થર પાયધુની-મુંબઈમાં

હરજીવન ભગવાને છાપી.

પરહેજગારી પ્રકાશ.

પાઠ. ૧.

આપણો યોગ્ય ખોરાક તથા પીવાનું.

૧. પરહેજ ગારી શું છે?

સારા ખોરાક અને પીવાના પદાર્થનો રીતસર ઉપયોગ તથા ઝેરથી બિલકુલ નિવૃતિ તે પરહેજગારી છે.

૨. સર્વ જીવતાં પ્રાણીઓને માટે યોગ્ય ખોરાક તથા પીવાનો પદાર્થ કોણે પૂરો પાડયો?

જ્યારે આપણા આકાશમાંના પીતાએ તેઓને ઉત્પન્ન કીધા ત્યારે તેણે પૂરો પાડયો.

૩. શું ખાવું તે જનાવરોએ કેવી રીતે જાણ્યું?

પરમેશ્વરની આપેલી પ્રેરકબુધ્ધિથી તેઓ પોતાના ખોરાક તરફ દોરાયાં.

૪. શું ખાવું તે માણસે કેવી રીતે જાણ્યું?

પરમેશ્વરે આદમ અને હવાને પારાદૈસમાં શું ખાવું તથા શાનો ત્યાગ કરવો તે કહ્યું.

૫. માણસને આપેલા આ પહેલા કાયદાથી આપણે કયી શીખામણો શીખીએ છીએ?

આપણે આપણી અભિલાષાઓ ઉપર કાબુ રાખવો અને કે તે અભિલાષા પૂરી કરવાથી સૌથી મોટાં જોખમ આવે છે.

તે ઉત્તમ વસ્તુથી તારા મુખને તૃપ્ત કરે છે, અને ગરૂડના જેવી તારી જુવાની તાજી કરે છે (ગીત. ૧૦૩. ૫)

પાઠ. ૨.

આપણે માટે શું સારૂં છે?

૧. એદન વાડીમાં માણુસને કયા ખોરાક આપવામાં આવ્યા હતા?

માણુસને આપવામાં આવેલા ખોરાક તે ફળ તથા બીજ હતા.

૨. માંસ ખાવાની રજા માણુસને કયારે આપવામાં આવી?

જળપ્રલયથી ઘણાખરા ફળ તથા બીજનો નાશ થઇ ગયો ત્યાર પછી.

૩. માણુસને માટે હજીપણ કયા સારા ખોરાક છે?

તેને જે પહેલા ખોરાક આપવામાં આવ્યા હતા તે.

૪. ખ્રીસ્તે માણુસને પોતાનો ખોરાક માનથી તથા વિચાર પૂર્વક ખાવાને કેવી રીતે શીખવ્યું?

તે ખાધા પહેલાં તેના ઉપર પરમેશ્વરનો આશીર્વાદ માગીને.

૫. ખાવધરાપણું કેવી રીતે માણુસનું વલણ નિશા તરફ કરે છે?

પોતાની મનકામના ઉપરનો યોગ્ય કાબુ ખોવડાવીને.

દ્રાક્ષરસ પીનારાઓનો તથા માંસના ખાધરાઓનો સંગ ન કર, કેમકે દારૂડીઓ તથા ખાધરો કંગાલાવસ્થામાં આવશે. (દ્રષ્ટાંત. ૨૩,૨૦–૨૧)

પાઠ. ૩.

ઍલ્કોહૉલ.

૧. ઍલ્કોહૉલ શું છે ?

ઍલ્કોહૉલ તે લાય લાગે એવું તથા નિદ્રાજનક ઝેર છે, અને તે પાણી જેવું દેખાય છે.

૨. તેને કેવી રીતે બનાવવામાં આવે છે ?

ઍલકોહૉલ ધઉં, ફળ ને મહુડાંના રસમાંથી બને છે. એમાંથી ચઢેલા સક્કરને કોહોવડાવીને અથવા તેમાં પરપોટા લાવીને તેમાંથી પ્રવાહી પદાર્થ બનાવે છે તે ઍલ્કોહૉલ છે

૩. માણસો કયારે ઍલ્કોહૉલ વાળા પ્રવાહી પદાર્થો બનાવવા લાગ્યા ?

ઇતિહાસમાં તેની તારીખ લખેલી નથી એટલા લાંબા વખત ઉપર.

૪. આવી રીતે તેઓએ કયા પ્રવાહી પદાર્થો પીવાને માટે બનાવ્યા ?

તેઓએ દ્રાક્ષરસ, જવનો દારૂ તથા મહુડાનો દારૂ બનાવ્યો.

૫. આ દારૂના પીનારાઓ જે ઍલ્કોહૉલ તેઓ પીતા હતા તે વિષે શું જાણતા હતા ?

તેઓ ઍલ્કોહૉલ વિષે કાંઇપણ જાણતા ન હોતા, તેનું નામ પાડવા માટે પણ તેઓ પુરતું જાણતા નહોતા.

૬. ઍલ્કોહૉલની હાજરી વિષે આપણે કયા નિયમથી ખાતરીબંધ જાણી શકીએ ?

મીઠા પ્રવાહી પદાર્થમાં સક્કરનું ક્ષીણ થવું તે હંમેશાં ઍલ્કોહૉલ બનાવે છે.

૭. જ્યારે માણસ કેફી થાય છે ત્યારે કેવો દેખાય છે ?

તે ગાંડા જેવો દેખાય છે કેમકે ઘડીમાં તે બહુ બકે છે, ઘડીમાં ગાળો ભાંડે છે, ઘડીમાં ગાય છે, ઘડીમાં બૂમો પાડે છે અને આથડતો ચાલે છે.

૮. ઍલકોહૉલની શી અસર છે?

ઍલકોહૉલ માણસને બેભાન ને બેવકૂફ બનાવે છે.

જે પોતાના પડોશીને મદ્ય પાય છે તથા તેને છાકટો બનાવે છે તેને અફસોસ છે. (હબા કકુક. ૨–૧૫)

દ્રાક્ષરસથી મસ્ત ન થાઓ, એમાં કુચાલ છે, પણ આત્માથી ભરપૂર થાઓ. (એફ્સી. ૫:૧૮)

એક ટોળી જેમાં ઘણા જણ દ્રાક્ષરસ પીતા હતા તેઓએ એક બહાદુર છોકરો જે ફક્ત લીમલેટ પીતો હતો તેની મશ્કરી કરી, પોતાનું ગ્લાસ ઉંચું પકડીને તેણે હિંમતથી પણ સભ્યતાથી કહ્યું, "આનાથી કેટલા ઘરનું સત્યાનાશ વળ્યું છે?" પછી પોતાની આંગળી એક દ્રાક્ષરસના ગ્લાસને અડકાડીને તેણે કહ્યું, "તેનાથી જેટલા ઘરનું સત્યાનાશ વળ્યું છે તેને તમે ગણી શકશો?" ઍડીમેયર.

માંસ ન ખાવું, ને દ્રાક્ષરસ ન પીવો, ને જે કશાથી તારો ભાઈ ઠેસ ખાય છે તે ન કરવું એ તને ઘટારત છે. (રૂમી ૧૪:૨૧.)

પાઠ. ૪.

કોણ પીએ છે?

૧. શું નાના છોકરાં ઍલ્કોહૉલવાળા પદાર્થો પીએ છે?

જ્યાં સુધી તેમને તે પસંદ કરવાનું શીખવામાં આવે ત્યાં સુધી ભાગ્યેજ.

૨. શું ખ્રીસ્તીઓ તે પીએ છે ?

ઘણા ખ્રીસ્તીઓ અલકોહૉલવાળા પદાર્થો પીતાં અટકયા છે.

૩. બીજા ઘણા લોકો છે કે જેઓ અલ્કોહૉલવાળા પદાર્થો પીતા નથી ?

હાલ લાખો માણસો છે જેઓ કદીપણ દારૂને અડકતા નથી

૪. આ નહિ પીનારાઓનો મોટો ભાગ આપણને કયાં મળે છે ?

અમેરિકા તથા ગ્રેટબ્રિટનમાં અને આ દેશની બીજા દેશો ઉપર અસર થઇ છે તે દેશોમાં મળે છે.

૫. શું પરહેજગારી વધતી જાય છે ?

ઓગણીસમાં સૈકામાં પરહેજગારી બહુ જલદી વૃદ્ધિ પામે છે.

રેલ્વે કંપની તથા બીજી મંડળીઓ પણ હાલમાં જે લોકોને પોતાની નોકરીમાં રાખે છે તેઓની પાસે પરહેજગારી પળાવે છે.

એક બાંનુએ ત્રીસ ધંધાદારી માણસો ઉપર લખી જોયું કે તેઓ એક હુશિયાર જુવાન માણસને નોકરી આપી શકે, કે જે માણસ સાંજે પોતાના મીત્રોની સાથે થોડું પીએ છે, અને તેઓ બધાએ જવાબ આપ્યો કે આવા માણસને માટે જગ્યા નથી.

પરપોટા થયા પહેલાં મહુડાને પોતાના દાંતથી ચાવવા તથા તેનો રસ ગળવો તે મહુડાને વાપરવાની સૌથી ઉત્તમ રીત છે.

પાઠ. ૫.

બહુ ખરાબ પીવાનો પદાર્થ.

૧. બાઇબલના વખતના લોકો અલ્કોહૉલ શું છે તે જાણતા નહોતા એમ ધારવાને આપણને કયું કારણ છે ?

કારણકે નાઝારીના વચનમાં પણ તેના વિષે કહેવામાં આવ્યું નથી.

૨. ઍલ્કોહૉલ કેવી રીતે માલમ પડયું ?

દ્રાક્ષરસને ગરમ કરીને તથા પહેલી થએલી વરાળને એકઠી કરીને ઠંડી પાડવાથી.

૩, આ કયારે બન્યું ?

આસરે નવ કે દશમી સદીમાં.

૪. બીર તથા દ્રાક્ષરસમાં તે કેટલા વખતથી વપરાતું હતું ?

હજારો વર્ષથી વપરાતું હતું.

૫, ઍલ્કોહૉલને જુદું પાડવાની રીતને શું કહે છે ?

ગળી કહાડવું તે અથવા આસુતિ.

૬. ફીણ આવેલા અને ગાળેલા દારૂમાં શો તફાવત છે ?

ફીણ આવેલા દારૂમાં ફીણ આવવાથી ઍલ્કોહૉલ આવે છે; ગાળેલા દારૂમાં થોડાક પાણીમાંથી તેજ ઍલ્કોહૉલ જુદો પડે છે.

ફીણ આવેલા ત્રણ સાધારણ દારૂ, તાડી, દ્રાક્ષરસ અને બીર છે.

ચાર ગાળેલા દારૂ, રમ, વ્હીસ્કી, જીન અને બ્રાન્ડી છે, અને દેશી દારૂ જે મહુડાથી બનાવે છે તે.

એક નવ વર્ષનો ડુબી ગએલો છોકરો કે જેને બચાવવામાં આવ્યો હતો તેને બ્રાન્ડી પીવા આપી. તેણે કહ્યું કે ના, ના, અને તેની આગળથી ફરી ગયો અને કહ્યું કે હું કદી પીતો નથી. અને તેના સીવાય તે બરોબર સાજો થયો.

પાઠ. ૬.

ગાળેલા દારૂ.

૧. ગાળેલા સાધારણ દારૂ કયા છે ?

બ્રાન્ડી, રમ, જીન અને વ્હીસ્કી, (બેવડા દારૂ, રાશી દારૂ, અને દેશી દારૂ).

૨. આ બધા દારૂ કેવી રીતે બનાવે છે ?

મહુડાનું ફૂળ સુકવીને એક વર્ષ પછી એમાંથી ચઢેલા સક્કરને કોહોવડાવીને અથવા તેમાં પરપોટા લાવીને તેના પાણીમાંથી જુદા પાડેલા પ્રવાહી પદાર્થનો એક ભાગ ઍલ્કોહૉલ થઇ મહુડાનો રસ અથવા દેશી દારૂ બનાવવામાં આવે છે.

૩. આ દારૂમાં ઍલ્કોહૉલનો કેટલો ભાગ હોય છે ?

દેશી દારૂ કે જીનમાં પાંત્રીસ ટકાથી માંડીને બેવડા અને રાશી દારૂ કે બ્રાન્ડી સુધીમાં સાઠ ટકા.

૪. તે પીવાથી ખાસ નુકશાન કરે છે ?

તેના વિષે એમ જાણવામાં આવ્યું છે કે તે નુકશાનકારક રૂચિ ઉપજાવ કરે છે અને તેને લલચાવે છે.

જે બધા સાધારણ રીતે દારૂ વેચે છે તેઓ ઝેર આપનારા છે. જૉન વેસ્લી.

સૌથી વધારે દબાણ કરે એવો દુશ્મન દારૂ છે. આપણા લડાઇના તદન નવા હથીયારો કરતાં તે વધારે મારી નાંખે છે અને ફક્ત શરીરનો નાશ કરે છે એટલુજ નહિ પણ મન તથા આત્માનો પણ નાશ કરે છે. લૉર્ડ વુલ્સ્લી (બ્રીટીશ લશ્કરનો કમાન્ડર–ઇન–ચીફ).

દરેક મેથોડીસ્ટ ઉપદેશકે પોતાના દેવળમાં તથા મંડળીમાં પરહેજગારી સંબંધી પ્રેમી, ધીરજવાન તથા આતુરતાવાળી મહેનત કરવી જોઇએ. ઍપવર્થ હેરાલ્ડ.

તું તથા તારા દીકરા દ્રાક્ષરસ અથવા દારૂ પી મા (લેવી. ૧૦–૯)

પાઠ. ૭.

આપણો હંમેશાનો મીત્ર.

૧. દુનિયામાં સૌથી વધારે પ્રવાહી પદાર્થ કયો છે?
પાણી, સુંદર પાણી.

૨. સર્વ પ્રાણીઓ તથા છોડને માટે પાણી શું કરે છે?
તેમને ઉગવાને પાણી મદદ કરે છે.

૩. તે આપણે માટે તે કેવી રીતે કરે છે?
આપણો ખોરાક પચવવાને માટે પાણી મદદ કરે છે અને તેને શરીરના બધા ભાગમાં લઇ જવાને માટે મદદ કરે છે.

૪. ડૉ૦ રીચર્ડસન આપણને કયું ખરૂં નામ આપે છે?
પાણીથી ચાલતાં યંત્રો.

૫. આપણે પાણીને આપણો મીત્ર કેમ કહેવો જોઇએ?
આપણે પાણી સીવાય જીવી શકીએ નહિ.

૬. કયી નવાઇ જેવી રીતે ઍલ્કોહૉલ આપણો દુશ્મન ઠરે છે?
આપણી નસોમાંથી જીવન આપતું પાણી ઍલ્કોહૉલ ચુસી લે છે.

સઘળા જીવતા પ્રાણીઓમાં પાણી શીવાય બીજા કશાથી તેમનો બાંધો બંધાતો નથી; અને પરમેશ્વરે માણસને અપવાદ રૂપ બનાવ્યો નથી. ડૉ. બી. ડબલ્યુ. રીચર્ડસન.

જ્યારે માણસોને પીવાને માટે પાણી સીવાય બીજું કાંઇ નહોતું ત્યારે તેઓ પોતાનું કામ કરવાને કેટલા બળવાન હતા તે નવાઇ જેવું હતું. સર જૉન રૉસ.

જેને તરસ લાગી છે તે આવે, જેની ઇચ્છા હોય તે જીવનનું પાણી મફત લે. (પ્રકટીકરણ ૨૨-૧૭).

પાઠ. ૮.

આપણો નાશકારક દુશ્મન.

૧. ઍલ્કોહૉલ કેવી રીતે આપણો નાશકારક દુશ્મન છે ?

જ્યારે આપણે તેને સંજોગ આપીએ છીએ ત્યારે તે આપણને મારી નાંખે છે.

૨. આ દેશમાં તે શું ઘણાને મારી નાંખે છે ?

બીજા બધા ઝેર ભેગા મુકીએ તેને કરતાં તે વધારે મારી નાંખે છે.

૩. બ્રીટીશ ટાપુઓમાં ઍલ્કોહૉલથી કેટલાં મરણ નીપજે છે તેનો અડસટ્ટો ડૉ૦ કૅર કેવો કરે છે ?

તે માને છે કે દારૂથી દર વર્ષે ૧૨૮૦૦૦ માણસો મરણ પામે છે.

૪. શું થોડો દારૂ નુકશાન કરે છે ?

થોડો દારૂ કેટલાકને નુકશાન કરે છે, વધારે દારૂ વધારે નુકશાન કરે છે.

૫. આપણા ખોરાકમાં આપણે તેને કેમ મુકવો નહિ ?

તેનો સ્વાદ હંમેશાં વધારે પીવાને માટે ઇચ્છા ઉત્પન્ન કરે છે.

૬. આપણે કેવી રીતે તેની તપાસ રાખવી જોઇએ ?

આપણા શરીરમાં કોઇપણ રૂપમાં તેને દાખલ કરવાને માટે આપણે તેને તક આપવી નહિ.

ઍલ્કોહૉલ એક ખરાબ બુદ્ધિમાન છે, અને તે માણસ જાતનો નાશ કરે છે. ડૉ. વીલર્ડ પાર્કર.

ઍલ્કોહૉલવાળા પદાર્થો ગમે તે રૂપમાં પીવામાં આવે તો પણ તે રોગ તથા મરણનું કારણ છે. ડૉ. બી. ડબલ્યુ. રીચર્ડસન.

સઘળા દારૂથી શુદ્ધતાથી પરહેજ રહો. કોઇપણ બહાનું કાઢીને તેને પીઓ નહિ. જ્ઞાન તંતુના નબળા માણસોને માટે તે નાશકારક ઝેર છે. જૉન વેસ્લી.

પાઠ. ૯.

પેટમાં દારૂ શું કરે છે?

૧. જે લોકો અૅલ્કોહૉલ પીએ છે તેમને તે શું કરે છે?

તે તેમની અંદર આસપાસ ફરી વળે છે, પાણીની સાથે લડાઇ કરે છે, અને બધી નસોમાંથી તેને ચુસી લે છે.

૨. તે પેટમાં શું કરે છે?

ખોરાકને પચાવવાને જે ગ્યાસવાળો રસ હોય છે તેનો નાશકરે છે.

૩. જ્યારે વધારે પીવામાં આવે છે ત્યારે તે શું કરે છે?

તે પેટમાં સોળ ઉત્પન્ન કરે છે.

૪. વખતો વખત તેનું છેલ્લું પરિણામ શું આવે છે?

બકવાટ થાય છે અથવા કોઇ બીજો નાશકારક રોગ થાય છે.

૫. કયી નવાઇ જેવી બાબતમાં પાચનની ક્રિયા, તેમજ દારૂ પીવાથી થતી અસર, પેટમાં જોવામાં આવી હતી?

ડૉ૦ બૅામૅાન્ટે તેમને અૅલેક્ષીસ સેંટ માર્ટીનના પેટમાં જોઇ હતી, કે જ્યાં ગોળી વાગવાથી કાણું પડી ગયું હતું.

જીંદગી તથા તંદુરસ્તી જાળવી રાખવાને અૅલ્કોહૉલ પીવાના પદાર્થ તરીકે કદી પણ સ્વીકારવો જોઇએ નહિ. ડૉ. બી. ડબલ્યું. રીચર્ડસન.

જ્યારે હું મોટો થયો ત્યારે કરકસરથી હું ખાતો અને પાણી પીતો. મારી તંદુરસ્તી જાળવી રાખવાનો એહ મોટો ઇલાજ હતો. જૉન વેસ્લી.

ઍલ્કોહૉલવાળા કેફી પદાર્થો, જ્યારે ઓછા પ્રમાણમાં વપરાય છે ત્યારે જનાવરની રૂચિની વૃદ્ધિ કરવાને તેનું વલણ થાય છે. ડૉ. એફ. આર. લીઝ.

કોઇ ભુંડી વાત ભણી મારા અંતઃકરણને વળવા ન દે; એ સારૂ કે અન્યાય કરનારાની સાથે દુષ્ટ કર્મ કરવામાં હું સામેલ ન થાઉં; ને તેઓના મિષ્ટાન્નમાંથી મને ખાવા ન દે. ગીત. ૧૪૧:૪.

પાઠ. ૧૦.

મર્મસ્થાનમાં દારૂ શું કરે છે?

૧. જ્યારે અંલ્કોહૉલ પેટ છોડે છે ત્યારે મર્મસ્થાનના કયા અંગમાં તે દાખલ થાય છે?

તે કલેજામાં દાખલ થાય છે, અને તેને તે સખત કરે છે.

૨. તે ફેફસાને શું કરે છે?

તે કેટલીક વખત દારૂડીઆનો ક્ષયરોગ ઉત્પન્ન કરે છે.

૩. તે અંતઃકરણને શું કરે છે?

ઍલ્કોહૉલને રસ્તામાંથી બહાર કહાડવાને તે વધારે ઝડપથી ચાલે છે.

૪. તે લોહીને શું કરે છે.

લોહીના લોચા જે અંગને ખોરાક પહોંચાડે છે તેનો નાશ કરે છે.

૫. શું અંગના કે સંચાના કોઇ ભાગને ફાયદો કરે છે?

ના; જે દરેક અવયવને તે પહોંચે છે તેને નુકશાન કરે છે.

કોઇ પરહેજગારી માણસને પોતાનું થોડું લોહી કાઢીને કોઇ બીજા દારૂડીયાના લોહીની સાથે સુક્ષ્મદર્શક યંત્રની મદદથી

સરખાવવાદો અને પહેલો માણુસ પોતાની પરહેજગારીમાં મક્કમ થશે.

કોઇપણ બીજો દુનિયાનો પદાર્થ મર્મસ્થાનના અવયવોને ઍલ્કોહૉલ જેટલા મંદ પાડતો નથી. ડૉ. બી. ડબલ્યુ. રીચર્ડસન.

ઍલ્કોહૉલ પેટ, કલેજું, મગજ, અંતઃકરણ અને બીજા અવયવો ઉપર બહુજ નુકશાનકારક અસર કરે છે. ડૉ. લેન્કેસ્ટર, એફ. આર. એસ.

ઍલ્કોહૉલનો સાધારણ ઉપયોગ દરરોજ કોઇ માણુસ કરે અને તેનાં ફેફસાં સારાં રહે તે અશકય છે. મીલ્ક્રોમીઝ અને મેન.

પાઠ. ૧૧.

મગજમાં દારૂ શું કરે છે?

૧. શરીરનું મુખ્યસ્થાન કયું છે?

વિચારનો અવયવ જે મગજ છે તે.

૨. ઍલ્કોહૉલ મગજને શું કરે છે!

તેમાંથી કેટલોક ભેજ તે ચુસી લે છે તેથી તે સહેલાઇથી કે ખરી રીતે કામ કરી શકતું નથી

૩. આંખો ઉપરથી આ કેવી રીતે માલૂમ પડે છે?

તેનું કામ અસ્થિર હોય છે અને તેઓનો દેખાવ ગભરાટ બતાવે છે.

૪. તેના ચાલવા ઉપર કેવી અસર થાય છે?

તે પોતાના અવયવોને દોરી શકતો નથી અને તે વારંવાર પડી જાય છે.

૫. તેના જ્ઞાન રજ્જુને તે શું કરે છે?

તે જ્ઞાન રંજ્જુને મંદ કરી નાંખે છે તેથી તે તેને કહી શકતું નથી કે શું થાય છે.

૬. કયો. પ્રયોગ આનો દાખલો છે?

બે'દાની સફેદીમાંથી ઍલ્કોહૉલને ભેજ ચુસી લેવા દઇને.

જ્યારે માણુસ ઍલ્કોહૉલથી ઉશ્કેરાય છે ત્યારે તે મૂર્ખાઇ ભરેલા શબ્દો બોલે છે, અને તેને માટે જ્યારે તે શાંત થાય છે ત્યારે તેને દિલગીર લાગે છે. ડૉ. જે. એચ. કેલોગ.

મગજ વિચારની ગાદી છે, અને તેનાથીજ પ્રકટીકરણુની સત્યતા મળે છે. ચોખ્ખા મગજ માટે લડાઇ તે ખ્રીસ્તી ધર્મને માટે લડાઇ છે, ફ્રાન્સીસ. ઇ. વીલર્ડ.

પોતાનું મગજ ચોરી જવાને તે માણુસે પોતાના મોંમા શત્રુ મુકવો જોઇએ. શેકસપીયર.

પરમેશ્વરના નામે અમે તમને કહીએ છીએ કે તમે દારૂની દુકાને અથવા પીઠાએ જશો મા. તે જગ્યાએ અને અંધારાના કામની મુલાકાત લેશો મા. જૉન વેસ્લી.

પાઠ. ૧૨.

મોહ કે ભૂલ.

૧. જ્યારે ભય વિષે ચેતવવામાં આવે છે ત્યારે શરૂ કરનાર શું કહે છે?

તે કહે છે કે જ્યારે મને લાગશે કે દારૂ નુકશાન કરે છે ત્યારે હું પીશ નહિ.

૨. જ્યારે તેને તે નુકશાન કરે છે ત્યારે તેને તે જાણુતાં કોણુ અટકાવે છે?

ઍલ્કોહૉલ તેના જ્ઞાન રજ્જુને તથા મગજને એવા ઝેરી કરે છે કે તેને કશી ખરી લાગણી થતી નથી.

૩. જ્ઞાન રજ્જુને કેવી રીતે નુકશાન થાય છે?

તેઓનો ખરો ભેજ ઍલ્કોહૉલ થોડો ચુસી લે છે અને આવી રીતે તેમના સમતોલપણાનો નાશ થાય છે, તેથી તેઓ ખરી રીતે બોલી શકતા નથી, અને પીનારો તે જાણતો નથી.

૪. આવો માણુસ કેવી રીતે વર્તે છે?

ઘણી વાર મુર્ખાઇ ભરેલી રીતે ગાંડા માણસની માફક.

૫. આને વિષે પરહેજગાર માણસ શું કહે છે?

કે ઍલ્કોહૉલ બધા પીનારાઓને માટે મોહ તથા જાળ છે અને તેઓ થોડું પણ પીએ તેઓ કદી સલામત રહી શકતા નથી.

જો તમારે દારૂડીઆ ના થવું હોય તો તમારે છાંટો પણ લેવો નહિ. કારણકે જો તમે કદી શરૂ કરશો નહિ તો તમારે કદી અટકવાની જરૂર પડશે નહિ.

દ્રાક્ષરસ ઠઠ્ઠાખોર, મદ્ય ટંટાખોર છે; ને તેથી જે કોઇ ભૂલ કરે છે તે જ્ઞાની નથી. દૃષ્ટાં. ૨૦:૧.

ઉપદેશકોએ આપણા લોકોને તેનો વપરાસ નહિ કરવાને સમજાવવું જોઇએ અને શરીરના દુખને માટે દવા તરીકે લેવાના બહાનાના ઉપાય કરવા જોઇએ. જૉન વેસ્લી.

પાઠ. ૧૩.

ખુશાલીનો વખત.

૧. જ્યારે કેટલાક છોકરાઓને ખુશાલીનો વખત જોઇતો હોય છે ત્યારે તેઓ શું કરે છે?

તેઓ દારૂ પીએ છે અને તમાકુ પીએ છે.

૨. પછી તેઓને કેવું લાગે છે?

માંદા, દીલગીર અને શરમાય છે.

૩. ખરેખર ખુશાલીનો વખત ગાળવાને તમારે શું કરવું જોઇએ?

મગજને સ્વચ્છ રાખો કે જેથી શું થાય છે તે તમે જાણી શકો.

૪. બીજું શું સારૂ કરવાનું છે?

બીજાને સુખી કરવાને પ્રયત્ન કરો.

૫. સુખને માટે કયી મોટી મદદ પરહેજગારી ઘણા માણસોને આપે છે?

તંદુરસ્ત શરીરમાં તંદુરસ્ત મન.

એક રસ્તો છે જે માણસને સારો દેખાય છે પણ તેનો અંત મરણના રસ્તા છે. (દૃષ્ટાંત ૧૪–૧૨)

હું પરહેજગાર માણસ છું કારણકે હું એવા અનુમાન પર આવ્યો છું કે ઍલ્કોહૉલનો થોડો પણ ભાગ લેવાથી પરમેશ્વરે ઉદારતાથી જે મઝા તથા સુખ બનાવ્યાં છે તેને માટે મારા ઉપયોગીપણાનો અંત આવે છે. રેવ. એચ. એસ. પેટર્સન. એમ. ડી.

હે જુવાન માણસ તારી જુવાનીમાં આનંદ કર અને તારી યુવાવસ્થામાં તું આનંદ કર, પણ જાણ કે આ બધાને માટે પરમેશ્વર તને ન્યાયકરણમાં લાવશે. (સભાશિક્ષક. ૧૧–૯).

પાઠ. ૧૪.

મોટું પાપ.

૧. કયી એક વાત માણસને બીજા બધા પ્રાણીઓ કરતાં ઉત્તમ કરે છે?

તેને એકલાનેજ મગજ છે જે પરમેશ્વર વિષે વિચાર કરી શકે છે.

૨. ત્યારે કેફી ચીજો પીવાથી કયું મોટું પાપ થાય છે?

પરમેશ્વરની આપેલી કીંમતી બક્ષીસને તે ઇજા કરે છે.

૩. આ પ્રમાણે મગજને ઇજા નહિ કરવાને માટે કયો રસ્તો છે ?
કોઇપણ પ્રસંગે કે કોઇપણ કારણસર કેફી ચીજ પીવી નહિ.
૪. ગુન્હા ઉપર આની શી અસર થાય છે ?
ઘણા ગુન્હા તથા દુઃખ ઓછાં થઇ જશે.

જે ગુન્હા કોર્ટમાં આવે છે તેમાંના ઘણાનું કારણ દારૂ છે, મી૰ જસ્ટીસ હૉકીન્સ.

કોને દુઃખ છે, કોને દીલગીરી છે, કોને કજીયા છે, કારણ સીવાય કોને જખમ છે ? જેઓ દારૂ આગળ ઘણીવાર બેસી રહે છે તેઓને. (દૃષ્ટાંત વચન ૨૩. ૨૯–૩૦)

આયોવાના ગ્રેનેલ શહેરમાં દારૂ વેચવા દેવામાં આવતો નથી, અને પચીસ વર્ષથી કોઇને પણ બંધીખાનામાં, ગરીબ લોકોને રાખવાના ઘરમાં કે કેદમાં મોકલવામાં આવ્યું નથી. ચેશાયર.

મગજ તથા જ્ઞાનરજ્જુ ઍલ્કોહૉલની અસરને લીધે પહેલેથી અતંદરૂસ્ત અવસ્થામાં આવે છે, અને ઇચ્છા તથા વિચારશક્તિ તે પ્રમાણે અંત સુધી નબળાં થાય છે. ચેશાયર.

પાઠ. ૧૫.

ઘણા ગુન્હા.

૧. ઍલ્કોહૉલવાળા પદાર્થો પીવાથી માણસો કેવી રીતે વર્તે છે?
તકરારી, ગાળદેનારા અને ખુની.
૨. તે કોને ગાળ દે છે ?
દરેક જણને, પણ ખાસ કરીને પોતાના કુટુંબને તથા મીત્રોને.
૩. તે જે ભયાનક કામ કરે છે તે તે જાણે છે ?
એમ લાગતું નથી, કારણકે તે ભાગ્યેજ તેને યાદ હોય છે.

૪. દારૂ પીવાથી આવા કેટલા ગુન્હેગારો થાય છે?

સેંકડે પંચોતેરથી નેવું સુધી.

૫. જે તેઓ કરે છે તે તેઓ જાણતા નથી તેને માટે શું તેમને દોષ દેવો જોઇએ?

જે પીવાથી પાપ થાય છે તે પીવાને માટે તેમને દોષ દેવો જોઇએ.

ખુન, છાકટાપણું તથા ખાધરાપણું, જેઓ આવાં કામ કરે છે તેઓ દેવના રાજ્યનો વારસો પામશે નહિ. (ગલાતી. ૫-૨૧)

મી૦ જસ્ટીસ ગ્રોવ કહે છે કે માણસો દારૂની દુકાનમાં આબરૂદાર તરીકે જાય છે અને લફંગા તરીકે બહાર આવે છે.

હુન્નર જાણનાર ક્રુકશેન્ડે પાંચસો ડૉલર (પંદરસેં રૂપીઆ) ઇનામ કોઈ એવું સાબીત કરી આપે કે કદીપણ નહિ પીનાર માણસે ભનાયક ગુન્હો કર્યો છે તેને આપવા કાઢયું છે, અને તે ઇનામને માટે હજી સુધી કોઇએ પણ દાવો કર્યો નથી. કેનન ફેરર.

પાઠ. ૧૬.

દારૂ પીવાથી ટાઢ કે ગરમીની અસર.

૧. શું ઍલ્કોહૉલવાળા પદાર્થો ખરેખર શરદી દુર કરે છે?

આમ સાધારણ માન્યતા છે, પણ તે ખરૂં નથી.

૨. આપણે કેવી રીતે જાણીએ છીએ કે આ ખરૂં નથી?

જે માણસો પીએ છે તેઓ નહિ પીનારાઓનાં કરતાં વહેલા ઠરી જાય છે.

૩. ત્યારે તેઓને કેમ ગરમી લાગે છે?

ગરમ લોહી સપાટી સુધી જાય છે, અને જ્ઞાનરજ્જુની મોટી સંખ્યાને ત્યાં તેની ગરમી લાગે છે.

૪. ડૉ. રીચર્ડસને આ સત્યતા કેવી રીતે શોધી કાઢી ?

તેણે પીધેલા અને નહિ પીધેલા કબુતરોને એક બહુ ઠંડી કોટડીમાં સુવાડયા, અને જ્યારે તેણે તેમને ફરીથી ગરમ કર્યા ત્યારે નહિ પીધેલા કબુતરો બરોબર ઉઠયા પણ પીધેલા કબુતરો મરી ગયા.

જે જનાવરો દારૂ પીતા નથી તેઓને અંદરથી ખોરાકમાંથી ગરમી ઉત્પન્ન થાય છે, તેઓ દારૂ શીવાય ગરમ રહી શકે છે, તો હું કેમ રહી ન શકું ?

ઍલ્કોહૉલ ગરમીને સરખી કરતું નથી. તે પહેલાં થોડીવારને માટે ગરમી કે તાવ ઉત્પન્ન કરે છે, પછી શરીરમાં ઠંડી ઉત્પન્ન કરે છે, આ પ્રમાણે તે ગરમ તેમજ ઠંડા દેશોમાં ખરાબ છે. ડૉ. બી. ડબલ્યુ. રીચર્ડસન.

પાઠ. ૧૭.

ગરમ પ્રદેશમાં દારૂની અસર.

૧. જ્યારે પીકનીક કે ઉજાણી કરવા બહાર જઇએ ત્યારે ખાવાને માટે કયો સારો મેવો છે ?

નારંગી કે બીજાં રસવાળાં ફળ.

૨. સૌથી સારો અને સલામત પીવાનો પદાર્થ કયો છે ?

ઠંડુ પાણી પણ બરફ જેવું ઠંડુ નહિ.

૩. બરફનું પાણી કેમ સલામત પીવાનો પદાર્થ નથી ?

બહુજ એકાએક ટાઢ નસોને ધક્કો પહોંચાડે છે.

૪. માણસ અને ઘોડાને માટે સહીસલામત અને પ્રખ્યાત પીવાનો પદાર્થ કયો છે ?

પાણી.

૫. ઍલ્કોહૉલ છે તે આપણે કેવી રીતે જાણી શકીએ ?
મીઠા પ્રવાહીમાં સક્કરમાં ફીણુ આવવાથી બને છે.

ગરમ પ્રદેશમાં જેઓ ઠંડુ પાણી પીધા પછી તરતજ મરી જાય છે તેમાંના નવ–દશાંશ ભાગના માણસોને દારૂ પીવાની ટેવ હોય છે. ડૉ. જસ્ટીન એડવર્ડઝ.

ઍલ્કોહૉલવાળા પદાર્થો પીવાથી ઠંડી કે ગરમી રહેતી નથી, તેમજ ગરમ પ્રદેશમાં રોગને અટકાવતા નથી. ડબલ્યુ. બી. કાર્પેન્ટર. એમ. ડી.

પાઠ. ૧૮.

કસરત.

૧. ઍલ્કોહૉલ કેમ પહેલવાનને નુકશાન કરે છે ?
તે જ્ઞાનરજ્જુને અને માંસના લોચાને ઝેરી કરે છે.

૨. કયા સારા ગુણો પહેલવાનને મેળવતાં ઍલ્કોહૉલ અટકાવે છે?
સ્થિરતા, ચોક્કસપણું, સમયસૂચકતા, અને ધીરજ.

૩. જયારે તે થાકી જાય છે ત્યારે ઍલ્કોહૉલ તેને તાજો કરે છે?
તે તેમ કરી શકતું નથી, કારણકે ખોરાકના કેટલાક ગોળા જે તેના થાકેલા અવયવોને તેજ આપી બાંધે છે તેનો તે નાશ કરે છે.

૪. જો વેચવાને માટે કલબમાં દારૂ લાવે તો ખ્રીસ્તી પહેલવાને તે વિષે શું કરવું ?
જો તે દારૂને બહાર રાખી શકે નહિ તો તે પોતે બહાર નીકળી જાય.

અને દરેક પહેલવાન સર્વ પ્રકારે સ્વદમન કરે છે; તેઓ તો વિનાશી મુગટ પામવા સારૂ કરે છે, પણ આપણે અવિનાશી. (૧. કરીંથી. ૯–૨૫)

જૉન. જી. જૉન્સન, જેણે બે મીનીટમાં એક માઇલની મુસાફરી ઘોડા ઉપર બેસીને કરી, તેને કસરત શીખનારાઓને શીખામણ આપવાને કહેવામાં આવ્યું, અને તેનો જવાબ એ હતો, "તંબાકુ પીઓ નહિ, ખાઓ નહિ, કે દારૂ પીઓ નહિ, અને વહેલા સૂઇ જાઓ."

એ માટે હું એમ દોડું છું, પણ સંશય રાખનારની પેઠે નહિ, હું મુક્કીએ મારૂં છું, પણ પવનને મારનારની પેઠે નહિ, ને હું મારા શરીરને દબાવું છું, તથા વશ કરૂં છું. (૧. કરીંથી. ૯, ૨૬–૨૭)

પાઠ. ૧૯.

ખરી હિંમત.

૧. ખરી હિંમતમાં શું જોઇએ છે ?

જાણીને ભયની સામે થવું જોઇએ.

૨. ઍલ્કોહૉલ આ કેવી રીતે અટકાવે છે ?

કાંઇપણ ખરૂં જાણવાની શક્તિ લઇ લઇને.

૩. દુઃખ અને દિલગીરીના વખતમાં દારૂનું પ્યાલું ખરેખર મદદ છે ?

તે બળ તથા પૈસાનો નાશ કરે છે, અને દરેક વધારે ખરાબ કરે છે.

૪. જ્યારે આપણે દુઃખમાં હોઇએ ત્યારે આપણો આકાશમાંનો બાપ આપણી પાસે શું કરાવવા માંગે છે ?

તેની પાસે જઇને તેની મદદ માગીએ એવું તે ચાહે છે.

૫. બધા કરતાં બાયલાપણું શામાં વધારે છે!

પીઇને આપઘાત કરવો કે કોઇ બીજી રીતે.

૬. દારૂની હાજરીમાં આપણે કેવી રીતે હિંમત દેખાડી શકીએ છીએ!

સભ્યતાથી તેનો અસ્વીકાર કરીને

દાનીએલના જેવા હિંમતવાન થાઓ અને સ્થિર ઉભા રહો, દૃઢ મનસુબો કરો અને તે જણાવવાને હિંમત રાખો.

પોતાના ઉપરના કાબુનો નાશ કરનાર ઍલ્કોહૉલ છે. ડા. મેરી. વુડએલન.

પાઠ. ૨૦.

વિજય.

૧. જીંદગીમાં વિજય મેળવવાને એક સૌથી સારી મદદ કયી છે?

દારૂ પીવાથી તથા તંબાકુ પીવાથી પરહેજગારી.

૨. આબ્રાહામ લીંન્કને પોતાની જીંદગીના વિજય માટે શું કહ્યું કે હું કોને આભારી છું?

"આદમનો દારૂ" એટલે પાણી પીવાને.

૩. કોઇ છોકરાને કામ કરવાની જગ્યા મેળવવામાં સૌથી સારી મદદ કયી છે!

તે કદી દારૂ પીતો નથી કે તંબાકુ પીતો નથી તે બતાવવું.

૪. બીજી કયી રીતે પરહેજગારી તેને મદદ કરશે?

પૈસા બચાવવામાં તથા તેને યોગ્ય રીતે વાપરવામાં મદદ કરશે.

૫. જ્યોર્જ સ્ટીવન્સને પોતાની જીંદગીની શરૂઆત કેવી રીતે કરી?

એંજીન ચલાવનાર ગરીબ મેથોડીસ્ટની પેઠે, અને તે રેલ્વેનો શોધનાર થયો.

ઝાડના દિવસો જેટલા મારા લોકના દિવસો થશે અને મારા નિવડેલાઓ લાંબા વખત સુધી તેમનો ભોગવટો કરશે. તેઓ અમથી મહેનત નહિ કરશે, ને ત્રાસ પામવા સારૂ પ્રજા ઉત્પન્ન કરશે નહિ. (યશાયાહ. ૬૫. ૨૨–૨૩).

'પરહેજગારીના નિયમ પ્રમાણે તમે ડહાપણમાં બળવાન તથા ઉદ્યોગી તથા સુખી થશો; અને માણુસજાતના મોટા શ્રાપના વપરાસને કોઇપણ ભોગ તમે આપો તેને માટે વિજય તમને હજાર ગણો બદલો આપશે.' ડૉ. બી. ડબલ્યુ રીચર્ડસન.

ગીત.

૧. જે માણુસ દુષ્ટોની સલાહ પ્રમાણે ચાલતો નથી, ને પાપીઓના માર્ગમાં ઉભો રહેતો નથી, ને નિંદકોના આસનમાં બેસતો નથી, તેને ધન્ય છે.

૨. પણ યહોવાહના નિયમશાસ્ત્રમાં તે હર્ખાય છે; ને રાત દિન તેના નિયમશાસ્ત્રનું મનન કરે છે.

૩. વળી તે પાણીની નેહેરોની પાસે રોપાયલા ઝાડના જેવો થશે, કે જે પોતાનું ફળ પોતાની ઋતુએ આપે છે, અને જેનું પાંદડું પણ ચિમળાતું નથી; વળી જે કંઇ તે કરે છે તે સફળ થશે.

૪. દુષ્ટો તો એવા નથી; પણ તેઓ પવનથી ઉડતાં ફોતરાંના જેવા છે.

૫. એ માટે ન્યાયકરણમાં દુષ્ટો, ને ન્યાયીઓની સભામાં પાપીઓ ઉભા રહેશે નહિ.

૬. કેમકે યહોવાહ ન્યાયીઓનો માર્ગ જાણે છે; પણ દુષ્ટોના માર્ગનો નાશ થશે.

પાઠ. ૨૧.

કામ ઉમદા છે.

૧. આ જીંદગીને માટે સૌથી ખરો સંતોષ શું આપે છે?
કોઇ જાતનું ઉપયોગી કામ.

૨. મગજ અને હાથના કોઇ નવા ઉપયોગી કામના નામ બોલો.
તાર, વીજળીની બતીઓ, સીવવાના યંચા.
(છોકરાંઓ બીજાં નામ પણ આપશે.)

૩. ઍલ્કોહૉલવાળા દારૂ આવી શોધ કેવી રીતે અટકાવે છે?
જે મગજ વિચાર કરે છે તેને ઇજા કરીને, અને માંસના લોચા જે કામ કરે છે તેને ઇજા કરીને.

૪. ઇશુ ખ્રીસ્તે કેવી રીતે કામને માન આપ્યું?
તેણે કહ્યું, "મારો બાપ હજી પણ કામ કરે છે, અને હું કામ કરૂં છું."

૫. ખ્રીસ્તે કયો સંદેશો યોહાનની મારફતે સાતે મંડળીઓને મોકલ્યો?
હું તારાં કામ જાણું છું.

(પ્રકટીકરણ ૨ અને ૩)

જે માણસ દારૂ પીતો નથી તે ઘણું કામ અને સારૂ કામ કરી શકે છે અને લાંબા વખત સુધી તે કરી શકે છે.

જો કોઇ માણસનું કામ રહે તો તેને બદલો મળશે. (૧. કરીંથી ૩. ૧૪)

અમે પ્રભુ ઇશુ ખ્રીસ્તને નામે આજ્ઞા કરીએ છીએ તથા બોધ કરીએ છીએ, કે શાંતી સહિત તેઓ કામ કરીને પોતાનું અન્ન ખાય. (૨. થેસ્સાલોનીકે. ૩–૧૨)

પાઠ. ૨૨.

નિષ્ફળતા.

૧. છોકરાં કેવી રીતે વારંવાર દારૂડીઆ થાય છે?

તેઓને જે ગમે છે તેને માટે પોતાની અભિલાષા પુરી કરીને.

૨. જ્યારે દાનિએલ ભણતો હતો ત્યારે તેની ઇચ્છા કયાં સારી વસ્તુઓને માટે હતી?

તેઓ અમને ખાવાને દાળ તથા પીવાને પાણી આપે.

૩. શું દારૂ પીવાથી માણસો ગુજરાનને માટે કમાતાં અટકે છે.

તેઓ અટકે છે, કારણકે દારૂ તેમને તેમના વખત, બળ તથા પેસાથી છેતરે છે.

૪. તે દેશને કેવી રીતે નુકશાન કરે છે?

દેશની મોટી દોલત તેના જબરા, ઉદ્યોગી માણસોમાં છે, અને જો દારૂ તેમને નુકશાન કરે તો તે દેશને નુકશાન કરે છે.

ઘણી વખત વ્હીસ્કીના ગ્લાસથી વહાણ ભાંગી ગયા છે. કોઇ નાખુદાને, અમલદારને, ખારવાને કે કામ કરનારને આ ધંધામાં દારૂ પીવા દેવામાં આવતો નથી, ઓસન સ્ટીમશીપનો નાખુદા.

જો તે નોકર કહેશે કે મારો ધણી આવતાં વાર લગાડે છે અને નોકરોને તથા દાસીઓને મારવા માંડે તથા ખાવા પીવા તથા છાકટો થવા માંડે તો તેનો ધણી જે વખતે ધારતો નહિ હોય તે દિવસે આવશે અને તેને કાપી નાંખશે અને તેનો હિસ્સો પાપીઓની સાથે કરશે. (લુક. ૧૨. ૪૫. ૪૬).

ન્યુ યૉર્ક સ્ટેટમાં એવો કાયદો છે કે કોઇપણ દારૂ પીધેલા માણસના હાથમાં સળગી ઉઠે એવા પદાર્થો, બૉઇલર

તથા ઈંજીન તથા વાવટો આપવામાં આવે નહિ, અથવા ખાણના કોઇપણ ભાગમાં જવા દેવામાં આવે નહિ, આ કાયદો અમલમાં મૂકાયો ત્યારથી બહુજ થોડા અકસ્માતો બન્યા છે.

પાઠ. ૨૩.

તમાકુ.

૧. તમાકુ કેવી રીતે વપરાય છે?

હુક્કામાં પીવાય છે, બીડીમાં પીવાય છે, પાનમાં ખવાય છે, અને તપખીર બનાવીને સુંઘાય છે.

૨. હુક્કો પીવાથી કેવું નુકસાન થાય છે?

તેનો ધુમાડો ફેફસાં ઉપર પહોંચે છે અને લોહીમાં મળીને ફેલાઇ જાય છે.

૩. બીડી પીવાથી કેવું નુકસાન થાય છે?

તેનાથી નબળાઇ પણ આવે છે, એ માટે કે શરીર તમાકુનું ઝેર પચાવતું નથી, અને જો તમે કંઇક વખત સુધી પીધા વગર રહો, તો શરીરમાં તમાકુની ગતિ થતી નથી ત્યારે શરીર બેચેન રહે, એટલુંજ નહિ પણ જડ થઇ જાય છે.

૪. તમાકુ પીવામાં અને દારૂ પીવામાં શો ફેર છે?

તમાકુ ઑલકોહૉલ અને હરેક પ્રકારની ઝેરી વસ્તુથી એવુંજ નુકસાન થાય છે. તે લોહીમાં મળીને પેટ, દીલ, ફેફસાં, આંખ, કાન અને મગજ બધાંને ખરાબ ને નિર્બળ કરી નાંખે છે.

૫. હુક્કો કે બીડી પીવાની ટેવ પડી ગઇ તો શું થાય?

પીવાની ટેવ પડી ગઇ તો પીનાર એક જાતનો દાસ થયો, તે મુશ્કેલીથી હુક્કો કે બીડી છોડી શકે છે. તો સારૂં શું છે?

છોકરાં હુક્કો પીવા ન શિખે.

૬. ઘણા લોકો છીકણી સુંઘે છે, પણ તેથી ઝામર ઉતરે છે શું?

ના, પણ તેથી તે વધારે થાય છે.

૭. પાન ખાવામાં શું ખોટું છે?

તે મોંનો રસ ચુસી લે છે અને તે રસવગર ખોરાક પચતો નથી. તે શિવાય તે ટેવ ખ્રિસ્તી માણુસના મોંને શોભતું નથી.

પાઠ. ૨૪.

ખરાબ બીડીઓ.

૧. સૌથી સાધારણ છોકરાને માટે કયો ઝેરી પદાર્થ છે?
બીડીમાંનું તંબાકુ.

૨. તંબાકુ ઝેર છે તે આપણે કેવી રીતે જાણી શકીએ છીએ?
જેઓ તે વાપરે છે તેઓ તેને ખાઇ શકતા નથી.

૩. જેઓ તંબાકુ વાપરે છે તેઓને તે ઇજા કરે છે તેમાંની કેટલીક રીતના નામ કહો.

તે તેમને માંદા કરે છે, તેઓને વધતા અટકાવે છે, તેઓની આંખો આંધળી કરે છે, અને તેઓના મગજને ઠોઠ કરે છે.

૪. તેમને ગુણુમાં કેવી રીતે ઇજા કરે છે?

તેઓને જુઠું બોલતાં શીખવે છે, અને ખરાબ સંગતમાં દોરે છે અને ઝેરી દારૂનો વપરાસ કરતાં શીખવે છે.

૫. શું તે એકદમ મારી નાંખે છે?

ઘણા છોકરાંને તેને વાપરતાં શીખતી વખતે તેણે મારી નાંખ્યા છે અને જુવાન છોકરાઓને અકસ્માતથી મારી નાંખ્યા છે.

કારણુકે ભુંડું કરનારને એકદમ સજા થતી નથી, તેથી માણુસના દીકરાઓને ભુંડું કરવાનું મન થાય છે (સભાશિક્ષક. ૮–૧૧).

ત્રીસ વર્ષ સુધી જુવાનોમાં પરહેજગારીનું કામ કર્યા પછી મને યાદ આવે છે કે એકજ છોકરો બીડી પીવા લાગ્યો અને તે પાછળથી દારૂ પીતાં શીખ્યો નહિ. પરહેજગારીનો શિક્ષક.

હું ફક્ત એક છું, પણ હું એક છું. હું સઘળું કરી શકતો નથી, પણ હું કાંઇક કરી શકું છું. જે સારૂં હૂં કરી શકુંછું તે મારે કરવું જોઇએ, અને પરમેશ્વરની દયાથી હું તે કરીશ. પરહેજગારીનો વિદ્યાર્થી.

પાઠ. ૨૫.

બીજાં ઝેર.

૧. કેફી ચીજો તરીકે વપરાતાં બીજાં ઝેરનાં નામ કહો.
અફીણ, ભાંગ, ગાંજો, હશીશ. અને કોકેઇન.

૨. તે કેમ કેફી કહેવાય છે?
કારણકે તેઓ મગજને અને જ્ઞાનરજ્જુને ઝેરી કરે છે.

૩. જે મસાલા નુકસાન કારક છે તેમનાં નામ આપો.
લવીંગ, મરી, મરચાં, રઇ, અને બીજા કેટલાક મસાલા.

૪. મસાલા શીવાય આપણા ખોરાકનો સ્વાદ કેવો લાગે?
બધા સારા ખોરાકને પોતાનો સારો સ્વાદ હોય છે.

૫. ગરમ મસાલા વાપરવાને માટે શી મુખ્ય હરકત છે?
કુદરત વિરૂદ્ધ તેઓ દારૂ પીવાને ઉશ્કેરણી વારંવાર કરે છે.

કોઇ દરરોજ નાના પ્રમાણમાં ઝેર પીએ તો રોગ તેનામાં સ્થાયી થશે. ડૉ. આલ્ફ્રેડ કાર્પેન્ટર.

તેઓનો દ્રાક્ષરસ અજગરોનું ઝેર તથા ઝેરી સર્પોનું પ્રાણઘાતક વિષ છે. (પુનર્નિયમ. ૩૨–૩૩)

ડૉ. રીચર્ડસન કહે છે કે બધાં ઝેરી કેફી પદાર્થોના વપરાસથી નવી રૂચિ તથા અભિલાષા ઉમળ કરે છે અને તેઓના સામાન્ય વપરાસથી નવી પ્રજા ઉમળ થશે અને તેઓનો અંત ઘેલછાપણું તથા મરણ થશે. પીવાના સવાલની દાક્તરની સલાહ.

પાઠ. ૨૬.

અફીણ.

૧. અફીણ શામાંથી બને છે ?

અફીણ એક સુંદર સફેદ ને લાલ ફૂલનાં ફળથી જેને પોસ્ત કહે છે તેમાંથી બને છે.

અફીણની એવી અસર છે કે થોડું ખાઓ તો પહેલાં કેફ વાળું માલમ પડશે, પછી ઉંઘ લાવે છે, મ્હોં ને ગળાને સૂકવે છે, તરસ લગાડે છે અને કબજ કરે છે. વધારે ખાવાથી માણસ બેશુદ્ધ ને નિર્ગત થઇ જાય છે અને બહુજ ઉંઘમાં પડી રહે છે પછી ઉલટી થાય છે. માથું દુખે છે અને જીભ પર કાંટા પડે છે; અર્થાત માણસના બહુ ભુંડા હાલ થાય છે.

૨. ત્યારે હવે અફીણની અસર બતાવો ?

અફીણના વાપરવાથી માણસમાં આળસ આવે છે અને ઝાડો કબજ થાય છે, મ્હોં ને ગળું સુકાય છે, તરસ લાગે છે, વધારે અફીણ ખાવાથી ઉલટી થાય છે, ને જીભ પર કાંટા પડી જાય છે.

૩. શું અફીણ ખાવામાં ખરી રીતે કંઇ ફાયદો થાય છે?

અફીણના વાપરવાથી માણસમાં આળસ આવે છે અને ઝાડો કબજ થાય છે, મ્હોં ને ગળું સુકાય છે, તરસ લાગે છે, વધારે અફીણ ખાવાથી ઉલટી થાય છે, ને જીભ પર કાંટા પડી જાય છે.

અફીણના ખાવા પીવાથી શરીરને જરૂર નુકસાન થાય છે તો પણ લોકો ઘણું કરીને સમજે છે કે, તેથી ફાયદો પણ થાય છે. કહે છે કે જે લોકો બીલકુલ ગરીબ છે અને જેમને ઘણું કરીને ખાવાનું નથી મળતું, તેઓ થોડું અફીણ ખાઇને ખાવાનું ભૂલી જાય છે, પીડાને દૂર કરવાને પણ ઘણું કરીને

અફીણને વાપરે છે, પણ એ ઠીક નથી, દવા વગર કોઇ બીજા કારણોથી તેનો ઉપયોગ કરવો નહી જોઇએ.

૪. શું બાળકોને અફીણ ખવડાવવું સારૂં છે?

કેટલીક માતાઓ પોતાનાં બાળકોને થોડુંક અફીણ ખવડાવી દે છે કે તેઓ સુઇ જાય ને દુઃખ ન દે. આ સ્થિતિમાં બાળકો આલસુ રહે છે અને મગજમાં નિર્બળ થાય છે. તેઓ ઘણું કરીને કદમાં ઠીંગણાં રહે છે, અને જો તેમની પૂરી સંભાળ ન લેવાય તો મરી પણ જાય છે અથવા ગાંડા જેવાં દેખાય છે.

૫ અફીણ વાપરવું ફાયદાકારક છે?

અફીણથી ફક્ત ખાનારાનેજ નુકસાન નથી પણ તેમના કુટુંબ તથા સગાંઓને પણ છે. જે ઘણું અફીણ ખાય છે તેઓ ઘણુંકરીને ભલાઇ તથા ભુંડાઇ વિષે બહુંજ થોડું જ્ઞાન ધરાવે છે, ને બીજાના હકો વિષે પણ ભૂલમાં રહે છે. તે પોતાનાં બાળકો ને કુટુંબની ફીકર નથી કરતા; તેની ફક્ત એજ ઇચ્છા રહે છે કે મને વખત ઉપર અફીણ મળે. તે પોતાના શરીરની નબળાઇ પર, પોતાના ઘરના દુઃખ પર ને પોતાના બાળકોના ભૂખ્યા રહેવા પર કદી વિચાર નથી કરતા. તે પોતાના દેશના હિતેચ્છુ પણ નથી હોતા. તે એક વાત એટલે અફીણ વગર બધી વાતોમાં મરેલા જેવા રહે છે.

પાઠ. ૨૭.

ભાંગ ને ગાંજો

૧. ભાંગના ઝાડથી શું કામ થાય છે?

તેના પાતળા તાંતણાથી લૂગડાં ને જાડાથી ટાટ ને દોરડાં બને છે.

૨. ભાંગથી લોકોને શું નુકસાન થાય છે?
ભાંગને વાપરવાથી માણુસો કેફી થઇ જાય છે.

૩ ભાંગનાં પાંદડાંથી શું થાય છે?
ભાંગનાં પાંદડાંથી એક જાતની કેફ બને છે જે ઔષધની રીતે ઘણુંકરીને વપરાય છે પણુ જો વધારે લેવામાં આવે તો તે નુકસાનનું સાધન થઇ પડે છે.

૪. ભાંગ ને ગાંજાની શી અસર છે?
પહેલાં મન આળસુ થાય છે, પછી માણુસો ખુશીની સ્થિતિમાં આવે છે અને આખરે તેમને ગભરાટ ને આશ્ચર્ય લાગે છે.

પાઠ. ૨૮.

શું શીખવું.

૧. પરહેજગાર માણુસે વચન સીવાય શું જાણુવું જોઇએ?
(પરહેજગારી વચન પુસ્તકને અંતે આવે છે.)
કયા દારૂમાં ઍલ્કોહૉલ છે તે જાણવું જોઇએ અને તેમનાથી દૂર રહેવું જોઇએ.

૨. ઍલ્કોહૉલની અસર વિષે શું જાણુવું જોઇએ?
કે તેઓ એવી છેતર પંડી છે કે તે પોતાની લાગણીથી તેમનો ન્યાય કરી શકતો નથી.

૩. આ બીનાઓ તે કેવી રીતે શોધી કાઢી શકે છે?
વિદ્વાન લોકોએ જે પ્રયોગો કરીને તથા તપાસ કરીને શોધી કાઢયું છે તે શીખીને.

૪. આવું જ્ઞાન કયાં મળી શકે?
પુસ્તકોમાં, ચોપાનીયામાં, છાપામાં, ભાષણોમાં, પરહેજગારીની નિશાળોમાં અને સાર્વજનિક નિશાળોમાં.

૫. છોકરાને માટે સુલેમાનનું પરહેજગારીનું ભાષણુ કયાં છે?
દૃષ્ટાંત વચનોના તેવીસમા અધ્યાયમાં.

સત્યતા ખરીદો અને તેને વેચો નહિ, અને ડહાપણ તથા શિખામણ તથા સમજ શક્તિ પણ (દૃષ્ટાંત વચન ૨૩. ૨૩)

દુનિયામાં જે સૌથી સારો પીવાનો પદાર્થ પાણી છે તે ખાતી વખતે વાપરવાને કેમ માબાપો પોતાનાં છોકરાંને નાનપણથી શીખવતા નથી? જૉન વેસ્લી.

પાઠ. ૨૯.

ધર્મ.

૧. પરહેજગારીનો ધર્મની સાથે શો સંબંધ છે?

પરહેજગારી ખ્રીસ્તી ધર્મનો એક ભાગ છે.

૨. શું તે આપણને ખ્રીસ્ત વિષે શીખવે છે?

ના, પણ તે આપણને ખ્રીસ્તની–પાસે આવવાને મદદ કરે છે.

૩. હાલની પરહેજગારીની દરખાસ્તની શરૂઆત કેવી રીતે થઇ?

ખ્રીસ્તી ઉપદેશકો અને દાક્તરોએ તેની શરૂઆત કરી.

૪. શું બાઇબલ પરહેજગારી શીખવે છે?

ઘણા ફકરાઓ ઉપરથી આપણે એમ સમજીએ છીએ.

૫. ઍલ્કોહૉલ વિષે તેમાં કેમ કાંઇ લખેલું નથી?

જો કે ઍલ્કોહૉલ લાંબા વખતથી દ્રાક્ષરસ અને બીરમાં વપરાતું હતું તોપણ તેની શોધ થઇ નહોતી.

તે પરમેશ્વરની નજરમાં મોટો થશે અને તે દ્રાક્ષરસ કે દારૂ પીશે નહિ, અને તે પવિત્ર આત્માથી ભરપુર થશે. અને ઇસ્રાએલના ઘણા છોકરાઓને પરમેશ્વરની ગમ ફેરવશે. (લુક. ૧. ૧૫–૧૬)

પરહેજગારી તે પ્રીતિ છે જે પરમેશ્વરને માટે પોતાને શુદ્ધ રાખે છે. સેંટ ઑગસ્ટીન.

પરહેજગારીનું કામ તે ઓગણીસમા સૈકાની ખ્રીસ્તી ધર્મની ખીલતી કળી છે, વ્હાઇટ રીબન બર્થડે બુક. ઘણા ખ્રિસ્તી લોકોના રસ્તામાં દારૂનું પ્યાલું જે મીત્ર મંડળોમાં પીવામાં આવે છે તે હરકત કરે છે, અને નુકસાનનું કારણ ઝેરી તંમાકુ છે.

તમે શા માટે જે ખોરાક નથી તેને માટે તથા જે સંતોષ પમાડતું નથી તેને માટે તમારા પૈસા તથા મહેનત વાપરો છો? (યશાયાહ ૫૫. ૨)

જૉન પ્લાઉમેન કહે છે કે દારૂની બરણી વહુને ભૂખે મારે છે તથા છોકરાંને ઉઘાડાં રાખે છે. તે મોટો ઘરનો ભાંગનાર તથા તંદુરસ્તીનો ભાંગનાર છે અને સૌથી સારી રીત તો એ છે કે તેના ભાંગીને ટુકડા કરવા, રેવ. સી. એચ. સ્પર્જન.

પાઠ. ૩૦.

તમારૂં ઘર.

૧. કયી બે ચીજ છોકરાઓ હંમેશાં પોતાની માથી છુપી રાખે છે?
તંબાકુ વાપરે છે તે અને દારૂ પીએ છે તે.

૨. આ કેમ ચોરી છે?
કારણકે આ ખ્રીસ્તી ઘરની શુદ્ધતાથી વિરૂદ્ધ છે.

૩. શું ખ્રીસ્તી કુટુંબના છોકરાઓ દારૂડીઆ થાય છે?
આવા બનાવ સાધારણ છે.

૪. તેઓને કેવી રીતે દૂર રાખી શકાય?
પરહેજગારી વિષે સારૂ શિક્ષણ અને અભ્યાસ તથા ઘરમાં સારો નમુનો તે મોટી મદદો છે.

૫. બીજી કયી રીતે છોકરાં અને જુવાન માણસો મદદ કરી શકે?
પરહેજગારી વિષે તેઓએ દરેક જગ્યાએ શીખવું જોઇએ અને જુવાનીયાઓની પરહેજગારીની મંડળીઓમાં આગળ પડતો ભાગ લેવો જોઇએ.

એક મોટો લેખક કહે છે. "જ્યારે હું નાનો હતો ત્યારે મેં એવો નિશ્ચય કીધો કે જે હું મારી મા આગળ બોલી શકું નહિ તે કદી પણ હું બોલીશ નહિ."

મારા દીકરા, તું સાંભળીને ડહાપણ પકડ, અને તારા હૃદયને ખરા માર્ગમાં ચલાવ, તને જન્મ દેનાર તારા બાપનું સાંભળ, ને તારી મા વૃદ્ધ થાય ત્યારે તેને તુચ્છ ના ગણ. દૃષ્ટાંત વચન. ૨૩. ૧૯–૨૨).

છોકરાં, પ્રભુમાં તમારા માબાપને માનો કરણકે આ સારૂં છે, જે વચન સહિત પહેલી આજ્ઞા છે તે પ્રમાણે તારા બાપ તથા માને માન આપો. (એફેસી. ૬. ૧–૨).

પાઠ. ૩૧.

તમારો દેશ.

૧. ખ્રીસ્તી પ્રજાઓમાં કેવી જાતના લોકો દારૂ બનાવીને વેચે છે ?

તેને માટે કામ કર્યા સીવાય જેઓ પૈસા મેળવવા ચાહે છે તેઓ.

૨. તેની વિરૂદ્ધ કોઇ કાયદો નથી ?

આ પીઠાના લોકોએ લુચ્ચાઇથી પોતાની તરફેણ ઘણા કાયદા કરાવ્યા છે.

૩. સારા લોકો એકઠા થઇને કેમ આવું કામ અટકાવતા નથી ?

ઘણા સારા માણસો પણ દારૂ કેટલો ખરાબ છે તે શીખ્યા નથી અને તેના વગર આપણે ચાલે એમ છે તે તેઓ જાણતા નથી.

૪. તે બાબતમાં શું કરવામાં આવ્યું છે ?

કેટલાએક રાજ્યોએ મના કરવાનો કાયદો ઘડયો છે અને બીજા રાજ્યો એવા કાયદા કરવા પ્રયત્ન કરે છે.

૫. ખ્રીસ્તીઓએ શું કરવું જોઇએ?

તેઓએ સારી રીતે રહેવું જોઇએ અને બીજાઓને શીખવવું જોઇએ, અને સારા કાયદા કરીને પળાવવા જોઇએ.

૬. બધા પરહેજગારીના પ્રયત્નોનો છેવટનો અર્થ શો છે?

જેટલા બને તેટલા લોકોને શુદ્ધ અને પરહેજગારીની જીંદગી ગાળવાને માટે મેળવવા.

પરહેજગારી ચળકતી આંખો અને રાજકુંવર જેવી ચાલમાં દેખાય છે.

રાજાઓને માટે તથા રાજકુંવરોને પીવાને માટે દારૂ નથી, રખેને તેઓ કાયદો ભૂલી જાય અને કોઇ દુઃખીનો ન્યાય ઉંધો વાળે. (દૃષ્ટાંત વચન. ૩૧. ૪–૫).

તમારા યજમાનની પાસે પંચ ના પીવો તે અસભ્યતા ગણાય છે. એમ નથી. મારે તેનું પંચનું પ્યાલું જોઇતું નથી, યજમાનની પઠે પરોણાને પણ હક્ક છે, અને જો યજમાન પીએ તોપણ તેમણે પરોણાને લલચાવવો નહિ, અને તેઓને પરોણા ચાકરી રક્ષણ કરવાને બાંધે છે. બીશપ. એચ. ડબલ્યુ વૉરેન.

પાઠ. ૩૨.

મેથોડીસ્ટ તરીકે.

૧. કયી અર્વાચીન ધર્મની દરખાસ્તથી પરહેજગારી આગળ વૃદ્ધિ પામી?

ઇંગ્લાંડમાં મેથાડીસ્ટ ધર્મ, તેના સ્થાપનાર રેવ. જૉન વેસ્લીના હાથ નીચે.

૨, તેની સોસાએટીના સભાસદોને શું કરવું પડતું હતું?

પીવાથી પરહેજ રહેવું, દારૂ વેચવો નહિ કે ખરીદવો નહિ તથા બહુજ જરૂર સીવાય પીવો નહિ.

૩. હાલના સમયમાં પણ મેથોડીસ્ટ મંડળીનો તે નિયમ છે?

તે છે, અને અમે ધારીએ છીએ કે ઘણા સભાસદો તે પ્રમાણે રહે છે.

૪. આ બાબતમાં એપ્વર્થ લીગ મંડળીને મદદ કરવા શું કરી શકે?

પરહેજગારી સંબંધી તેઓ અભ્યાસ કરે અને પોતાની જીંદગીમાં તેનો નમુનો આપે તથા બીજાઓને શીખવે.

મેં તમારા ઉપર લખ્યું છે કે જો કોઇ ભાઇ વ્યભીચારી હોય, કે લોભી હોય, કે મૂર્તિપૂજક હોય. કે બડબડીઓ હોય, કે દારૂડીઓ કે જૂલ્મી હોય તો તેવાની સાથે ખાઓ નહિ. (૧ કરીંથી. ૫-૧૧)

જે તમારી સમજ શક્તિને નબળી કરે છે, તમારા અંતઃકરણની નાજુકતાને ધક્કો પહોંચાડે છે, પરમેશ્વર વિષેની તમારી બુદ્ધિ મંદ કરે છે, કે આત્મીક બાબતોને માટે ચાહના લઇ લે છે તે તમારે માટે પાપ છે. પોતાના દીકરા જૉનને સુસાના વેસ્લી લખે છે,

જો તમારી મરજી બહુ ઉપયોગી થવાની હોય તો તમારો વખત અને બળ, ઉઘાડા અને પ્રખ્યાત દુર્ગુણની સામે તથા ખરેખરી શુદ્ધતા વધારવાને વાપરો. બીશપ પોટર. વેસ્લીને લખે છે. (આ શીખામણને માટે મી. વેસ્લીએ કહ્યું કે " આ શીખામણને માટે મેં પરમેશ્વરને હમેશને માટે ધન્યવાદ આપ્યો.")

પાઠ. ૩૩.

તમારૂં પરહેજગારીનું કામ.

૧. પરહેજગારીની મંડળી સ્થાપવાને માટે તમે કેવી રીતે કામ કરવા જશો?

તે બાબત વિષે મીત્રોમાં વાત કરો, શું કરવું તે બાબત પ્રાર્થના સહિત નિશ્ચય કરો, અને તે કરવાને તેમની સાથે જોડાઓ.

૨. જો કે મના કરવાના કાયદા પસાર થએલા છે ત્યારે પણ પરહેજગારીનું શિક્ષણ કેમ આપવાની જરૂર થશે?

એ માટે કે તદન પરહેજગારી ખંતથી તથા ફતેહમંદીથી મેળવી શકાય.

૩. જો આપણે ખંતીલા થઈશું નહિ તો દારૂ વેચનારા શું કરશે?

આપણને ઠગશે અને આપણા પીવાના પદાર્થમાં તથા દવામાં ઍલ્કોહૉલ નાંખીને આપણને ઝેરવાળાં કરશે.

૪. બધી એપ્વર્થ લીગો શું કરી શકે છે?

પોતાને માટે અભ્યાસ, બીજાને ખાતરી દઈ તથા છોકરાંને શીખવી શકે છે, શાબાથ શાળાઓમાં તથા નિશાળોમાં પરહેજગારીની વૃદ્ધિ કરી શકે છે અને કામને માટે બીજી ફતેહમંદ ભરેલી યોજનાઓ ઘડી શકે છે.

મેં તમારા દીકરાઓમાંથી ભવિષ્યવાદીઓ ઉભા કીધા, અને તમારા જુવાનોમાંથી નાઝારી ઉભા કીધા. (આમોસ. ૨—૧૧)

પોતાની જુવાનીની ટુંકી કસોટીમાં દાનીએલે બળવાન ધર્મના માણસપણાનો પાયો નાંખ્યો. ડૉ. ઑસ્ટીન ફેલ્પસ.

ખરા નાઝારીના જેવા ઉમદા કામને માટે જેઓએ કુદરતી મહેરબાની તથા જુવાનીની સભ્યતા ગુમાવી નથી તેઓને આપણે માગીએ છીએ, દુનીયા માગે છે તથા ઇશુ ખ્રીસ્તની મંડળી માગે છે. કેનન ફેરર.

હરેક પ્રકારની ભુંડાઈથી દૂર થાઓ.

અને શાંતિનો દેવ પોતે તમને પૂરા પવિત્ર કરો. અને આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તના આવવા સુધી તમારો આત્મા તથા પ્રાણ તથા શરીર સંપૂર્ણ [તથા] નિર્દોષ રખાઓ. તમારો તેડનાર જે વિશ્વાસુ છે, તે તે કરશે. ૧. થેસ. ૫: ૨૨—૨૩

દારૂ

રાગ; ભુલ્યો મન ભમરા.

દારૂ સેતાનની જાળ છે, દારૂ નાશ કરનાર;
છોડે નહિ જો તેહને, અંતે નર્ક પડનાર. ટેક.

શરીર દેવનું છે મંદિર, એ જાણો મુજ ભ્રાત;
એ ઝેરના સેવનથી, દેવ તજે સાક્ષાત. દારૂ, ૧.

અંગનો રાજા મગજ છે, સઘળું ચલાવનાર;
એ ઝેરના સેવનથી, જલદી મંદ પડનાર. દારૂ, ૨.

હૈયું અંગ કોમળ ઘણું, જેથી લોહી થનાર;
એ ઝેરના સેવનથી, જલદી બંધ પડનાર. દારૂ, ૩.

કલેજું અજાયબી અંગછે, હૈયાનું સાથી દાર;
એ ઝેરના સેવનથી, જલદી ફુલી જનાર. દારૂ, ૪.

ફેફસા વડે તો જીવીએ, જેથી શ્વાસ લેવાય;
એ ઝેરના સેવનથી, ક્ષય લાગુ રે થાય. દારૂ, ૫.

આંખ અમુલ્ય રત્ન છે, અંગને દોરનાર;
એ ઝેરના સેવનથી, જલદી ઝાંખી થનાર. દારૂ, ૬.

રાજ ગયાં છે રાયનાં, હજારો પામ્યા નાશ;
એ ઝેરના સેવનથી, નથી બચવાની આશ. દારૂ, ૭.

મનુષ્ય સૌથી ઉત્તમ છે, એથી શ્રેષ્ઠ નહિ કોઇ;
એ ઝેરના સેવનથી, હલકામાં હલકો હોય. દારૂ, ૮.

ચેતો મારા બંધવા, એમાં નહિ ગુણ એક;
એ ઝેરના સેવનથી, અવગુણ થાય અનેક. દારૂ, ૯.

વિનંતી મારી તમને, છેટા રહેજો જરૂર;
ત્રાતા ઉભો છે બારણે, નથી જરાય દૂર. દારૂ, ૧૦
ઠોકે છે તે હાલમાં, ત્રાણ કરવાને કાજ;
ત્રાણ તમારૂં થાય તો, પામો આકાશી રાજ. દારૂ, ૧૧.

ના. રા.

દારૂ બહુ દુઃખકારી છે.

(ફિરોને વહુ ફિરાને વહુ. એ રાગ.)

૧. તજોને સહુ, તજોને સહુ, દારૂની ટેવ તજોને સહુ;
વ્યસન આ તો પરહરો, દારૂ છે દુઃખકારી રે બહુ.
તજોને સહુ. ટેક.


૨. નિંદે છે સહુ, નિંદે છે સહુ, પીનારાને નિંદે છે સહુ;
વ્યસન આ તો પરહરો, દારૂ છે દુઃખકારી રે બહુ. ટેક.

૩. ફજેતી બહુ ફજેતી બહુ, પીનારાંને કરે છે સહુ;
વ્યસન આ તો પરહરો, દારૂ છે દુઃખકારી રે બહુ. ટેક.

૪. ગુમાવો શું ગુમાવો શું, નાણું સારૂં ગુમાવો શું;
વ્યસન આ તો પરહરો, દારૂ છે દુઃખકારી રે બહુ. ટેક.

૫. ખુવારી બહુ, ખુવારી બહુ, ધન ને આબરૂ જશેજ સહુ;
વ્યસન આ તો પરહરો, દારૂ છે દુઃખકારી રે બહુ. ટેક.

૬. કહું એ હું, કહું એ હું, એથી સ્વર્ગ ગુમાવે સહુ;
વ્યસન આ તો પરહરો, દારૂ છે દુઃખકારી રે બહુ. ટેક.



લડાઈ લાખનો તથા દારૂ દશ લાખનો નાશ કરે છે.